(1) 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ-2020'ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) આ ઈન્ડેક્સ 'વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશને' (WIPO) રજૂ કર્યો હતો.

(2) આ ઈન્ડેક્સમાં ભારત 52મા ક્રમાંક પર રહ્યું હતું.

(3) જેમાં પ્રથમ ક્રમે સ્વિત્ઝર્લેન્ડ રહ્યું હતું.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (1), (2) અને (3)
(C) માત્ર (1) અને (2)
(D) માત્ર (2) અને (3)

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં **World Intellectual Property Organisation** દ્વારા **Global Innovation Index** જાહેર કરવામાં આવ્યો.

⇛ જેમાં **TOP 50 Innovative Countries**માં ભારતનું સ્થાન 48માં ક્રમ પર હતું.

⇛ ભારતએ 2019ના રેન્કિંગમાં 52મા સ્થાન પર હતું.

⇛ ભારત વિશ્વમાં નિમ્ન–મધ્ય અર્થતંત્રમાં ત્રીજા ક્રમ પર રહ્યું હતું.

⇛ ઈન્ડેક્ક્ષમાં સ્વિત્ઝર્લેન્ડ, સ્વીડન, યુ.એસ.એ., યુ.કે. અને નેધરલેન્ડ ટોચના 05 દેશો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) આબોહવા સ્માર્ટ સિટી આકલન ફ્રેમવર્ક 2.0ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?**

(1) તેનો ઉદ્દેશ્ય શહેરોમાં રોકાણ સહિત પોતાની યોજનાઓનો અમલ કરવા દરમિયાન સામે આવતા પડકારોની નિપટવા સ્પષ્ટ રોડમેપ ઉપલબ્ધ કરાવવાનો છે.

(2) જળ વ્યવસ્થાપનને આ ફ્રેમવર્ક અંતર્ગત એક સંકેતકના રૂપમાં રાખેલ કરવામાં આવેલ નથી.

(3) આ અભિયાન એ પર્યાવરણ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.

(4) ફ્રેમવર્ક અંતર્ગત 5 શ્રેણીઓ અંતર્ગત 28 સંકેતકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં કેન્દ્રીય આવાસ અને શહેરી કાર્ય મંત્રી દ્વારા "આબોહવા સ્માર્ટ શહેર આકલન ફ્રેમવર્ક 2.0"નો શુભારંભ કરવામાં આવ્યો હતો. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તેનો ઉદ્દેશ્ય એ શહેરોમાં રોકાણ સહિત પોતાની યોજનાઓને અમલી કરવા દરમિયાન સામે આવતા પડકારોથી નિપટવા માટે સ્પષ્ટ રોડમેપ ઉપલબ્ધ કરાવવાનો છે.

⇛ આ ફ્રેમવર્ક અંતર્ગત 5 શ્રેણીઓમાં 28 સંકેતકોને શામેલ કરવામાં આવ્યા છે. તેમાં નીચેના ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(1) ઊર્જા અને હરિત ઈમારતો
(2) શહેરી નિયોજન, હરિત ક્ષેત્ર અને જૈવ વિવિધતા
(3) આવાગમન અને વાયુ ગુણવત્તા
(4) જળ વ્યવસ્થાપન
(5) કચરો વ્યવસ્થાપન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) "સ્ટ્રીટ્સ ફોર પીપલ ચેલેન્જ"ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) ભારતીય શહેરોની ગલિઓમાં ચાલતા લોકો માટે વધુ સુરક્ષાના ઉદ્દેશ્યથી તેની શરૂઆત કરવામાં આવી છે.

(2) આ ચેલેન્જ દ્વારા દેશભરમાં શહેરો અંતર્ગત તે શહેરને અનુકૂળ અલગ–અલગ ગલિઓનું નિર્માણ કરવામાં આવશે.

(3) આ ચેલેન્જમાં શામેલ થતા શહેરોને "ટેસ્ટ–લર્ન–સ્કેલ અપ્રોચ" માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ તાજેતરમાં કેન્દ્રીય આવાસ અને શહેરી મંત્રાલય દ્વારા ભારતીય શહેરોની ગલિઓમાં ચાલતા લોકો માટે વધુ સુરક્ષિત બનાવવાના ઉદ્દેશ્યથી "સ્ટ્રીટ્સ ફોર પીપલ ચેલેન્જ"ની શરૂઆત કરી હતી.

⇛ આ ચેલેન્જ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ એ એડવાઈઝરી પર આધારિત છે જેમાં વર્ષની શરૂઆતમાં બજારોમાં ચાલતા લોકો માટે અનુકૂળ બનાવવાનું જણાવવામાં આવેલ છે.

⇛ આ ચેલેન્જ એ દેશભરમાં શહેરોને એક સમાન ગલિઓનું નિર્માણ કરવામાં મદદ કરશે જે વિભિન્ન પક્ષકારો અને નાગરિકોના પરામર્શ પર આધારિત હશે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ ચેલેન્જમાં શામેલ થતા બધા શહેરોને "ટેસ્ટ–લર્ન–સ્કેલ ચેલેન્જ" માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. જેનાથી મહત્ત્વકાંક્ષી અને આજુબાજુના ખાલી પડેલા ક્ષેત્રોમાં ચાલવાના રસ્તાઓને વધુ સારા બનાવી શકાય.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) તાજેતરમાં રક્ષા ક્ષેત્ર માટેની નવી પ્રત્યક્ષ વિદેશી મૂડી રોકાણની નીતિના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) આ નીતિ દ્વારા ઓટોમેરિક રૂટ અંતર્ગત પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણની મર્યાદા 49%થી વધારી 74% કરવામાં આવી છે.

(2) પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ અંતર્ગત સરકાર દ્વારા રાષ્ટ્રીય સુરક્ષાની શર્ત પણ જોડવામાં આવી છે.

(3) નવી નીતિ અનુસાર વિદેશી રોકાણની સમીક્ષા કરવાનો અધિકાર સરકાર પાસે નથી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા રક્ષા ક્ષેત્ર માટે એક નવી પ્રત્યક્ષ વિદેશી મૂડી રોકાણની નીતિને મંજૂરી આપી છે, આ નીતિ મુજબ રક્ષા ક્ષેત્રમાં વિદેશી મૂડી રોકાણની સીમા 49% થી વધારીને 74% કરવામાં આવી છે.

⇛ આ નીતિ અંતર્ગત "રાષ્ટ્રીય સુરક્ષા"ની શર્તને પણ જોડવામાં આવી છે. જેના મુજબ રક્ષા ક્ષેત્રમાં વિદેશી રોકાણની રાષ્ટ્રીય સુરક્ષાના આધાર પર તપાસ કરી શકાશે અને સરકાર પાસે રક્ષા ક્ષેત્રમાં આવા કોઈપણ રોકાણની સમીક્ષા કરવાનો અધિકાર રહેશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) તાજેતરમાં ભારત અને જાપાનના સશસ્ત્ર બળો વચ્ચે લોજિસ્ટિક કરાર કરવામાં આવ્યો છે.

(2) આ કરાર એ ફક્ત દરિયાઈ વાહનો અને અન્ય સશસ્ત્ર વસ્તુઓની હેરફેર માટે કરવામાં આવેલ છે.

(3) આ કરાર એ 10 વર્ષના સમયગાળા માટે અમલી રહેશે. અને ત્યારબાદ અને 10 વર્ષ માટે સ્વચાલિત રૂપથી સમય વધારી દેવામાં આવશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારત અને જાપાનના સશસ્ત્ર બળો વચ્ચે આપૂર્તિ અને સેવાઓ માટે "લોજિસ્ટિક કરાર" પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

⇛ આ કરાર એ ભારત અને જાપાનના સશસ્ત્ર બળો વચ્ચે અંતઃસક્રિયતા વધારવાની સાથે બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારી તથા દ્વિપક્ષીય રક્ષા પ્રવૃત્તિમાં વૃદ્ધિ કરશે.

⇛ આ કરારમાં આપૂર્તિ સેવાઓમાં ભોજન, પાણી, પરિવહન, પેટ્રોલિયમ, કપડા, સંચાર, ચિકિત્સા સેવા સુવિધાઓ વગેરેના ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

⇛ આ કરાર 10 વર્ષ માટે માન્ય રહેશે અને ત્યારબાદ 10 વર્ષ માટે સ્વચાલિત રૂપથી વધારી દેવામાં આવશે, જો બે માંથી કોઈ પક્ષ તેને સમાવેશ કરવાનો નિર્ણય ન લે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT